# ગુજરાત જાહેર સેવા આયોગ

## જા.ક્ર.૧૨૧/૨૦૧૬-૧૭ : ગુ.વ.સે. વર્ગ-૧ અને ગુ.મુ.સે. વર્ગ-૧,૨ ના

## ઉમેદવારો માટે અગત્યની સૂચના

૧. આયોગ દ્વારા તા.૧૫/૦૩/૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧, ૨ (જા.ક્ર.૧૨૧/૨૦૧૬-૧૭) ની જગ્યાઓ પર ભરતી માટેની જાહેરાતના મુદ્દા નં-૨૧ (પ) (અ) ની જોગવાઇ રદ્દ કરીને નવેસરથી જાહેરાત આયોગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

૨. પરીક્ષાના કેન્દ્ર બાબતે ઉમેદવારનું વર્તમાન સરનામું ધ્યાને લેવામાં આવશે અને પ્રિલિમિનરી પરીક્ષા માટે ઉમેદવારને શક્ય બને તેટલા નજીકના કેન્દ્રની ફાળવણી કરવામાં આવશે.

૩. જે ઉમેદવારો જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવીની છેલ્લા સેમેસ્ટર/વર્ષમાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે અને પરિણામ પ્રસિદ્ધ થયેલ નથી, તેઓએ ઓનલાઇન અરજીપત્રકમાં પરીક્ષા પાસ કર્યાનું વર્ષ “૨૦૧૭”, ગ્રેડ અને ક્લાસ માં “NA” તથા પરસન્ટેજમાં “૦૦” દર્શાવવાનું રહેશે.

૪. પ્રિલિમિનરી પરીક્ષાના પ્રશ્નપત્ર-૧ અને ૨ માં પ્રત્યેક ખોટા જવાબ, એકથી વધુ જવાબ કે એક પણ વિકલ્પ એનકોડ નહી કરવાના કિસ્સામાં જે-તે જવાબના નિયત ગુણના ૦.૩ (૩/૧૦) ગુણ મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે.

૫. પ્રિલિમિનરી પરીક્ષાના અભ્યાસક્રમના સામાન્ય અભ્યાસ-૧ ના પ્રશ્નપત્રમાં મુદ્દા નંબર- (ગ) (૩) માં “બંધારણીય સત્તાધિકારીઓ” ના સ્થાને “બંધારણીય સંસ્થાઓ” વાંચવાનું રહેશે.

તા.. ૧૬/૦૩/૨૦૧૭

GPSSC/EX/K.R.PATEL